# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

'પતાવટ'માં પક્ષોની તિજોરી ભરાઇ જાય છે,
પ્રધાનોથી પાંચ વર્ષે બમણું ચરાઇ જાય છે,
કરાઇ જાય કૌભાંડો એટલાં આંખ મીંચીને કે -
એમની સાત-સાત પેઢી પણ ધરાઇ જાય છે
(બમણી સંપત્તિ)

## હાઇકુ

'વિવેકાનંદ'
સ્વાર્થ વિકાસયાત્રા -
વટાવે નામ..
(પટાવે પ્રજા)

કોઇ ન રહ્યું
- હવે 'અમૂલ' માં યે,
દૂધે ધોયેલું..
(પક્ષા-પક્ષી, રાજકારણ)

## ચિંતન

**નિમિત્ત મુદ્દિશ્ય હિયઃ પ્રકૃપ્યતિ ધ્રુવં સ તસ્યાપગમે પ્રસી દતિ ।**
**અકારણ દ્વેષિ મનસ્તુ યસ્ત વૈ કથં જનસ્ત પરિતોષ યિષ્યતિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ' નામના વિભાગમાંથી છે :

'જે માણસ અમુક ચોક્કસ કારણને લીધે જ કોપાયમાન થયો હોય કે થાય છે તે, તે કારણ દૂર થતાં એટલે કે ગુસ્સા થવાનું કારણ દૂર થતાં જ પાછો પ્રસન્નતાને પ્રાપ્ત કરે છે એટલે કે ગુસ્સો ઉતરી જાય છે.'

- પરંતુ કેટલાક માણસો તો એવા હોય છે કે વિના કારણ ગુસ્સામાં જ રહેતા હોય, ભવાં ખેંચાયલાં જ રહે. મોઢાં-ચહેરાં પરની નસો તંગ જ રહેતી હોય, આવા માણસો જે કારણ વિના મનને અશાંત રાખનારા હોય તો કોઇના દ્વેષ વિના જ સતત ગુસ્સામાં જ રહેતા હોય છે, તેને કોઇ પણ પ્રસન્ન કરી શકે જ નહીં.'

જે લોકો સ્વભાવથી જ ગુસ્સાવાળા હોય તેમને ગુસ્સે થવાનાં કારણ શોધવા જવાની જરૂર જ રહેતી નથી. તેમનાં હોઠ ગુસ્સામાં સતત બિડાયેલાં જ રહેતા હોઇ 'સ્મિત' ને બેસવાનું સ્થાન તો કદાપિ મળતું જ નથી. એવા ને હસાવવા, ખૂશ કરવા એ સાહસભર્યું કામ છે.

## સુવિચાર

- જગતમાં બુધ્ધિનો દુરૂપયોગ સૌથી વધુ, માનવ પ્રાણી જ કરે છે **- ચાંપશી ઉદ્દેશી**
- ચર્ચા-વાદ-વિવાદ કરતાં તો ઘણાં ને આવડે છે, પણ મુદ્દાસર વાત કરતાં બહુ ઓછાંને આવડે છે **- એસ. ભટાચાર્ય**
- જે માણસ પોતાની જીભ પર કાબૂ રાખી શકતો નથી તેની અંદર સચ્ચાઇ નથી- **ગાંધીજી**
- મહાન માણસ એ છે જે કોઇના પર સવાર થતો નથી, અને જેના પર કોઇ સવાર થઇ શકતું નથી **- ખલિલ જિબ્રાન**
- સંતોષી, સદાય નમ્ર-વિવેકી અને ભલા સ્વભાવવાળો હોય છે **- સ્પન્સર**
- જે માણસ પોતાની જાત પર અંકૂશ રાખી શકતો નથી તે કદી સ્વતંત્ર બની શકતો નથી **- પાયથાગોરસ**
- જયારે આપણે કોઇ સત્કાર્યનો સંકલ્પ કરીએ છીએ ત્યારે શક્તિ તો એની મેળે જ આવી જાય છે **- પ્રેમચંદજી**

## બોધ કથા

બર્ગર, પીઝા, મેગી જેવા સાત્ત્વિક જંક ફૂડ દ્વારા બાળકોને 'ખૂબ તંદુરસ્ત' બનાવતી મહિલાઓ પોતાનો રસોડાંનો સમય અન્ય સારી સામાજિક પ્રવૃત્તિ દ્વારા સમાજની 'તંદુરસ્તી'ની વધારે સંભાળ રાખે છે.

બાળકને સારા-ઉત્તમ સાત્ત્વિક સંસ્કાર અને સામાજિક મૂલ્યોનું શિક્ષણ 'મા' અને શાળા સિવાય કોઇ જ ન આપી શકે.

અમેરિકાની એક ઉત્તમ શિક્ષણ સંસ્થા એ 'આંતરરાષ્ટ્રીય સદ્ભાવના' ની જાગૃતિ માટે વિશ્વના આદિવાસી અને ગરીબ કંગાળ બાળકો કેવી પરિસ્થિતિમાં જીવે છે તેના ફોટોગ્રાફનું પ્રદર્શન રાખ્યું.

ઓરિસ્સાના ગરીબ-પિડીત આદિવાસી નાગાંપૂગાં એક બાળકનો ફોટોગ્રાફ જોઇ 'વેન્ડી' નામની બાળકીના આંખના ખૂણા ભરાયા. પોતાની બચતના થોડા ડોલર લઇ અમેરિકાની ભારતીય એલચી કચેરીમાં ગઇ અને ઓરિસ્સાનાં એ બાળકને એ રકમ મોકલવા વિનંતી કરી.

એલચી કચેરીએ એ વિધિ પૂર્ણ કરી. પં. નહેરૂજીની આ વાતની જાણ થઇ. એમણે અંગત વેન્ડીને અભિનંદન પત્ર લખ્યો, લખ્યું દુનિયાના દેશોમાં જો તારા જેવી વેન્ડીઓ જન્મશે તો વિશ્વશાંતિના મારગમાં કોઇ જ અંતરાય નહીં આવે.

# Facebook નાં ફેલાવા છતાં Slam Book અડીખમ...

## ફરક એટલો છે મારાં અને તમારાં વચ્ચે લાગણીનો મિત્રો તમે ખોવાયા ફેસબુકમાં, શોધુ છું હું તમને સ્લેમ બુકમાં

### Hello ફ્રેન્ડસ!


- સંજય થોરાત

પ્રાથમિક સ્કૂલ કે માધ્યમિક સ્કૂલના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને તેઓ ફરી એક જ સ્કૂલ કે શહેરમાં રહેશે એની ખાત્રી હોતી નથી. એટલે તેઓ એમનાં મિત્રોની બધી માહિતી પોતાની પાસે રહે. સ્કૂલ - કૉલેજની યાદ જિંદગીભર સચવાઈ રહે એટલે સ્લેમ બુક વાપરે છે!!

સ્લેમ બુકની અંદર મિત્રોના ઉપનામથી લઈ એમની પસંદ - નાપસંદ, એડ્રેસ, ઈ-મેઈલ, મોબાઈલ જેવી વિગતો સાથે એમનાં જીવનનો ધ્યેયની માહિતી ભેગી કરીને રાખવામાં આવે છે. એટલે આ સ્લેમ બુકના માધ્યમથી એ મિત્ર કે બહેનપણી સતત આપણી સાથે રહે છે. શિક્ષણ લેતી વખતે કરેલી ધીંગામસ્તીની ક્ષણો આ સ્લેમ બુકના કારણે સાચવી રાખવાનો પ્રયત્ન મિત્રો કરતાં હોય છે... કોલેજનાં છેલ્લા વર્ષમાં કોણ ક્યાં જશે એની ખબર ન હોવાથી બધાં એકબીજાની સ્લેમબુક ભરી આપે છે અને જિંદગીભરની મધુરી યાદોનું ભાથું ભરી આપે છે!

સ્લેમ બુક ભરવાની પણ એક કળા છે, છોકરીઓ મોટાભાગે એમની વિગતો સાચી અને સીધી રીતે આપે પણ છોકરાઓ મોટા ભાગના મારાં જેવાં વિચિત્ર એટલે સીધાં જવાબો લખે જ નહીં. નામ, એડ્રેસ, જન્મ તારીથ, ફોન નંબર, ત્યાં સુધી જ છોકરાઓ સીધાં ચાલે પછીનાં જવાબો એકદમ ઈન્ટરેસ્ટીંગ અને કોમેડી જેવાં લખે... ઉપનામ લખવામાં અક્કી, ચકો, ઢગો, રાકલો, મુકો, દેવદાસ, ડૉન, શિવાજી, ભૂરીયો એવાં કૉલેજનાં ફેમસ થયેલાં નામો લખશે. ખરૂ ઉપનામ કયારેય નહીં લખે!!

સ્લેમ બુકમાં સૌથી વધુ ખોટો જવાબ લખાતો હોય તો મિત્ર વિશે... કારણ જેણે સ્લેમ બુક સ્લેમ બુક લખવા આપી એજ પહેલો મિત્ર કે બહેનપણી બનાવવી પડે. આવું દરેકની સ્લેમ બુકમાં કોમન જ આવે એટલે પહેલો મિત્ર એ પછી બીજાં મિત્રો, એટલે દરેક સ્લેમબુકે મિત્ર બદલાઈ જાય... જીંદગીની અવિસ્મરણીય ક્ષણ? આવાં સવાલનાં જોરદાર જવાબ આવે... વ્યાયમના શિક્ષકે આપેલી સજા, બહેનપણી જોડે થયેલો ઝગડો, પિકનીક વખતે ચોરેલો નાસ્તાનો ડબ્બો, પ્રિન્સીપાલે પેરેન્ટ્સને બોલવવા મોકલેલી ચિઠ્ઠી, પ્રેમમાં ભંગ, એક ફુલ દો માલી એટલે કે એક જ છોકરીનાં બબ્બે મિત્રો પ્રેમમાં પડ્યાં હોય. પરીક્ષામાં કરેલી કાપલીઓ... આમાં સારા કરેલાં કાર્યો તો કોઈ ભાગ્યેજ લખે !!




મનગમતો રંગ? લાલ, લીલો, વાદળી એમ સીધું નહીં લખવાનું, જબ વી મેટની કરીના કપૂરના સ્કર્ટનો કલર, ગોવિંદાની 'રાજા બાબુ'ની પેન્ટનો કલર, પટેલભાઈની ભૂરી ભેંસનો કલર, ઉતરાણે ચઢતી ચીલ જેવી પતંગનો રંગ અને કશું દિમાગના ચાલે તો મારી બહેનપણીને ગમતો કલર... તમને શું રાખવું ગમે? એમાં શાંતિ કે સ્વચ્છતા જેવાં જવાબોની જગ્યાએ મોટે હિરો-હિરોઈનનો ફોટો, કુતરા, બિલાડાં, કબુતર, પોપટ જેવાં જાતજાતનાં જવાબો આવે... મનગમતો લેખક? આમાં મોટાભાગે અંગ્રેજોનાં જ નામ હોય શેકસપીયર, લાઓસિ, નિત્સે, કન્ફયુશીયસ જેવાં નામો લખી બધાંને કન્ફયુઝ કરે... આમાં મૂળ આશય વટ પાડવાનો, બાકી આ લેખક વિશે બે-ચાર વાતો કે એમનાં પુસ્તકોનાં નામ પુછવામાં આવે તો લોચા પડી જાય!! ગુજરાતી લેખક કવિઓમાં ચંદ્રાકન્ત બક્ષી, હરકિશન મહેતા, અશ્વીન ભટ્ટ, વજુ કોટક કે રમેશ પારેખ જેવાં નામો લખાય પણ એમનું સાહિત્યનું જ્ઞાન બંધ ચોપડી જેટલું જ મહત્વનું!!

મનગમતી ડીશ? ખાવાનું આમ કો જાતજાતનું ને ભાતભાતનું આવે. દાળઢોકળી થી લઈ દાબેલી અને પિઝા- પાસ્તાથી લઈ છેક પાણીપુરી... ભાજીપાઉં થી ભજીયાને દાલબાટીથી દાળવડા, એમાં પાછું મમ્મીનાં હાથનું કે ફલાણી-ફલાણી હોટલ કે લારી એવુંય પાછું લખવાનું... મનગમતો દિરો-હિરોઈનમાં બોલીવપ-હોલીવુડ છવાયેલું રહે... તમારી હૉબી, એમાં તો વાંચન, લેખન, ક્રિકેટ, કૅરમ, ગીત-સંગીત, રેડિયો, બાયકીંગ, આઉટીંગ, રંગોળી, ચિત્ર, આરામ, ગાર્ડનીંગ, સમાજસેવા, સિનેમા.. દરેક જણ કંઈક અલગ જ લખે... પાછું સ્લેમ બુકમાં લખ્યું એટલે એવું જ કરવું કંઈ જરૂર થોડું હોય? પણ પોતાના મિત્ર કે બહેનપણીને ગમશે એવું વિચારીને જ હૉબી લખાય, એટલે જ સૌ મૈત્રિ પાક્કી થાય ને?!!

ભવિષ્યમાં શું બનશો? આમાં ખરેખર પોતાનું ફિલ્ડ છોડીને દરેક વસ્તુ વ્યક્તિ બનવાની ઈચ્છા થાય.. સચિન, ઐશ્વર્યા, સાયના, સાનિયા, કલ્પના, સૂનિતા, નરેન્દ્ર મોદી, શાહરૂખ... કેટલાંક અવળીતરાં એમેય લખે કે મોબાઈલ એટલે તારા ગાલને રોજ અડવા મળે ને? અદષ્ય થઈને જીવવાની ઈચ્છા હોય તો મિ. ઈન્ડિયા કે ગાયબનો તુષાર કપૂર પણ બની જાય.. સૌથી ગ્રેટ તો એક જણાએ લખેલું કે મારે રજનીકાંત બનવું છે, એટલે એ તો ગમે તે કરી શકે, રજનીકાંત બનીએ એટલે પછી મજ્જા જ મજ્જા !!

મનગમતી ગાડી કે બાઈકમાં તો ઑવર ડ્રાઈવ કે વ્હેલોસીટીમાં બતાવતી બધી જ ગાડીઓ- બાઈકનાં નામ આવે, રૉલ્સ રૉયથી લઈ હાયાબુસા અને મારૂતિ થી મર્સીડીઝ, એટલે ગાડીઓ જ લેવાની એવું કાંઈ જરૂર નથી એનાં પોસ્ટરથીય રાજી તો થવાય ને? જિંદગીની ઈચ્છા શું ? એ તો અગણીત જ હોય ને!! કયારેય કોઈની પૂરી થઈ તો આપણી થવાની અને છતાંય અમુક સ્માર્ટ યંગસ્ટર્સ બહુ મસ્ત માંગે કે મારો પૌત્ર મર્સીડીઝ ગાડીનો હોર્ન મારી મને અઢીમાળની મકાનની ગેલેરીમાંથી બોલાવી તાજ હોટલમાં મારી પત્ની સાથે લઈ જાય! રૂપિયા, જીંદગી, ઍશઆરામ અને વંશવેલો બધું એક જ ઈચ્છામાં પણ આવું બધું સ્લેમબુકમાં શક્ય બને હોં!!

મનગમતો ટી.વી. શૉ? આમાં ઈન્ડિયન આયડલ, ડાન્સ ઈન્ડિયા ડાન્સ, સી.આઈ.ડી., એમ.ટીવી., વી.ટીવી, બધું ઘણું બધું આવે એમાંય કોક તો આવું રીમોટથી બદલી શકાય એટલી બધી ચેનલો ગમે, પણ કાર્ટુન આવે એટલે એવું જ લાગે કે આપણાં મિત્રો આવી ગયાં... એટલે ત્યાં સ્થિર થઈ જવાનું!! મનગમતી જગ્યા! એવાં પ્રશ્નોમાં સિંગુરથી સિંગાપુર, સાપુતારાથી સ્વીંઝલેન્ડ, ધાલગરવાડીથી રિલાયન્સ, મૉલ એવું બધું લખાય, પણ મારાં જેવો વિચિત્ર એવુંય લખે કે સલુન શૉપ, જ્યાં દર મહિને જવું ગમે, અને એવુંય એને કહેવાનું કે તારે વાત અને વાળ બૅય ઓછા કરવાના!! સ્લેમબુકમાં આવી મસ્તવાતોથી ખરેખર નવરાશની પળોમાં વાંચવાનીય મજા આવે..

રવિવારે રાઈટીંગ ટૅબલનું ડ્રૉઅર સાફ કરવાનાં કાર્યક્રમ વખતે અચાનક સ્લેમબુક હાથમાં આવી ગઈ અને લખવાનો મસ્ત ટૉપીક મળ્યો અને આમેય સ્કૂલ કૉલેજમાં મિત્રો-યારો વચ્ચે સ્લેમબુકમાં લખવાની અને પોતાની લાગણી શૅઅર કરવાની રસમ ઈન્ટરેસ્ટીંગ તો છે જ... ફેસબુક આવ્યાં બાદ અઢળક ઓળખીતા કે નવાં જ લોકો ગ્રૂપમાં જોડાય છે. કેટલાંક ફેક લોકોય આમાં હિસ્સો બને છે, આપણી કૃતિઓ કે ફોટોનો દૂરઉપયોગ પણ કરે છે... કયારેક તો એકાદી ફાલતું કોમેન્ટ કે ફોટો પર ઢગલો લાઈક કલીક થાય છે, ખાસ કરીને છોકરીઓની આવી વાતો પર... છોકરીઓ આમેય ભોળી (અથવા એમ કહો કે છોકરાઓને ભોળવવાં )આવી હરકતો કરે અને કયારેક ફસાય પણ કરી.. પછી પેલું લાઈક કરેલું બાઈક પર લઈ ફરવાં જાય પણ લાઈફમાં આવાં સેટેલમેન્ટ લોંગ લાઈફ નથી ડરતાં..!

સ્લેમ બુક જરા અલગ કેસ એટલાં માટે છે કે આ જાહેર પ્રોપર્ટી નથી, માત્ર અંગત મિત્રો જ આમાં સાક્ષી બને છે, એમનાં જ હસ્તાંક્ષરમાં એમની ખટ્ટમીઠ્ઠી વાતો અને આપણી પ્રશંશા છલકાય છે.. અમુક કૅસમાં તો મા-બાપ, મામા કે આપણી સાથે મિત્રતાથી વર્તતા સગાનેય સ્થાન મળે છે. ફેસબુકએ બનાવટનો ચહેરો બને છે. જ્યારે સ્લેમ બુક એ લાગણીથી નીતરતી પોથી બને છે. ઉંમરને અને સ્લેમબુકને કોઈ લેવા દેવા નથી આમેય સ્લેમબુક ખરીદીને એમાંના પ્રશ્નોના જવાબો આપણાં પરિચિતો પાસે મિત્રો પાસે ભરાવો આનંદ આનંદ થઈ જશે!!

**ચૂંટલો :**

સ્કૂલ - કૉલેજનાં મિત્રો-બહેનપણીની યાદ સાચવવા સ્લેમબુક બહુ મજાની વસ્તુ છે, ફેસબુકએ ફાસ્ટ ફુડ છે પણ સ્લેમબુક એ તો મિત્રો વચ્ચે વાગોળવામાં મહત્વનું પરિબળ બનતું સાત્વિક ભોજન છે.

# આપણો સ્વભાવ જ કંઇક આવો છે, એકધારાપણાથી કંટાળીને આપણે નવીનતા ઝંખીએ છીએ, એ નવીનતા માણીએ છીએ, અને પાછા સ્થિરતા ઝંખીએ છીએ

### પારિજાત

- રેખા ભટ્ટ

"રાતભર કા હૈ મેહમાં અંધેરા
કિસકે રોકે રૂકા હે સવેરા"

એવું શું હોઇ શકે જે સૌની મનગમતી વાત હોય અને તેમ છતાં સૌથી ત્રાસજનક પણ એ જ હોય - એ છે કોઇ પણ વાતની સ્થિરતા - અમરત્વ.

સરસ મજાનો પ્રકાશ ફેલાવતો સૂરજ/ઝળઝળાટ ફેલાવતો સૂરજ બપોર પછી અળખામણો બની જાય છે અને સૌ રાહ જૂએ છે હવાની શીતળ લહેરખી લઇને આવતી સાંજની અને પછી આખુંયે વિશ્વ ધીમે ધીમે અંધકારમાં ડૂબતું જાય છે અને આકાશ ઝગમગી ઊઠે છે. અગણિત તારાઓનાં ઝૂમખાંથી. અંધકારથી નીરવતા માણીએ છીએ. ચાંદનીનું સૌંદર્ય આપણને મંત્રમુગ્ધ કરી દે છે, અને પછી આપણે પાછા સવારના ઊજાસની પ્રતિક્ષા કરવા માંડીએ છીએ.

ગમે તેટલું સુંદર કે આનંદ દાયક કેમ ના હોય પણ એકધારાપણું આપણને અકળાવી મૂકે છે. ખૂબ ખૂબ ગમતી કવિતા માણવી ગમે પણ એ પૂરી જ ના થાય તો?

પહાડો - ખીણો - નદીઓની વચ્ચે કુદરતના સાંનિધ્યમાં રહેવું ખૂબ ગમે એનો અંત The End ના હોય તો?

જૂના જમાનાના ઋષિ મુનિઓ આકરાં તપ કરીને વરદાન મેળવતા હતા - 'કોઇથીએ ના મરી શકવાનું' - પણ એ તો અશ્વત્થામાને પૂછીએ તો ખબર પડે કે લોહી નીતરતાં કપાળે ફર્યા કરવાનું 'અમરત્વ' એટલે શું? આવા મતલબની એક વાર્તા છે 'માય ડિયર જયુ'ની હોઇ શકે -

એકવાર સર્જનના દેવ બ્રહ્મા ફરતાં ફરતાં શિવજી પાસે જઇ ચડે છે, અને શિવજીની દશા જોઇ પૂછી બેસે છે. "ભગવાન, કેમ આમ લાતરીને પૂણી જેવા થઇ ગયા છો?" શિવજી કહે છે, "આ મારું સંહારનું કામ કરી કરીને થાક્યો છું. પણ જાણે સંહારનો અંત નથી આવતો." બ્રહ્માએ ઉપાય કહ્યો, "એમ કરો, એકાદ ઝોકું લઇ લો - થોડાક હળવા થઇ જવાશે."

શિવજીને વાત ગમી ગઇ અને એકાદ ક્ષણનું ઝોકું ખાઇ લીધું. પણ આ તો ઇશ્વર! એમની એક ક્ષણ એટલે આપણાં તો કેટલાંયે વર્ષોનાં વર્ષો. એટલે અહીં પૃથ્વી પર એવું થયું કે વર્ષો સંહાર અટક્યો એટલે કોઇ મરે જ નહીં. બાળકો જન્મે - મોટાં થાય - વૃદ્ધ થાય - પણ કોઇ મૃત્યુ પામે નહીં. વર્ષો વીતતાં લોકો કમરથી વળીને બેવડ થઇ ગયા. દાઢીના વાળ જમીનને અડવા લાગ્યા. વૃદ્ધોથી પૃથ્વી ઉભરાઇ ગઇ.

યુવાનો સાથે વૃદ્ધોનો વાતોનો વિષય પણ એક જ, "અમારા જમાનામાં તો આજના જેવું નહોતું. લોકો સમય થયે - આવરદા પૂરો થાય એટલે મરી જતા."

એટલે બાળકો અને યુવાનો પૂછી બેસે, "હેં દાદા, મરવાનું એટલે શું? એમાં શું થાય? અમને મરવાનું મળશે ખરું?... આ વાર્તા છે પણ પરિસ્થિતિ આપણે કલ્પી શકીએ છીએ."




આપણો સ્વભાવ જ કંઇક આવો છે. એકધારાપણાથી કંટાળીને આપણે નવીનતા ઝંખીએ છીએ. એ નવીનતા માણીએ છીએ. અને પાછા સ્થિરતા ઝંખીએ છીએ.

ઘર બદલીએ, નોકરી બદલીએ, ગામ બદલીએ, પણ પાછા આપણું જૂનું કેટલું સારું હતું કહીને દુઃખી થઇ જઇએ, અને એ જૂનું મેળવવા હવાતિયાં મારીએ.

આવું ન બને માટે જે પરિસ્થિતિ છે તે સ્વીકારીએ અને તેમાંથી જ આનંદ મેળવીએ. અને રોજ સવારે નવો દિવસ આવે તેની એક એક ક્ષણ માટેનું કૂતુહલ મરવા ના દઇએ. આપણી જિજ્ઞાસા અને સર્જનાત્મકતા અને સંવેદનશીલતાને જાળવી રાખીએ તો જીવવાની મજા આવે. નહીંતર સરકસ ના ઝૂલાના ખેલાડીની જેમ આમથી તેમ ફંગોળાયા કરીએ, પણ ક્યાંક પહોંચીએ નહિં.

"જો મિલ ગયા ઉસીકો મુકદ્દર સમજ લિયા
જો ખો ગયા મૈં ઉસકો ભૂલાત ચલા ગયા,
મૈં જિંદગી કા સાથ નિભાતા ચલા ગયા"

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૨મી સપ્ટેમ્બર**

- સેવાવ્રતધારી - અસ્પૃશ્યતા નિવારણ માટે જીવન હોમી દેનારા પરીક્ષિતલાલ મજમૂદારની આજે પુણ્યતિથિ.

૧૨-૯-૧૯૬૫, વિલ્સન કોલેજના વિદ્યાર્થી, ગુજરાત વિદ્યાપીઠ સાથે જોડાયેલા અને સ્વતંત્ર પર્વની લડતના અનોખા સૈનિક પછાત વર્ગો માટે ખૂબ જ કામ કર્યું, પછાત વર્ગોના વિદ્યાર્થીઓ માટે કુમાર-કન્યા છાત્રાલયો બાલવાડીઓ, સંસ્કાર કેન્દ્રો અસ્તિત્વમાં આવ્યા છે તેમાં સ્વર્ગસ્થનું મોટું યોગદાન છે.

- શંકર જયકિશન - ભારતીય ફિલ્મોના પ્રસિદ્ધ સંગીતકાર પૈકી જયકિશન પંચાલનું અવસાન - ૧૯૭૧.
- ૧૯૯૩ - ગુજરાત પૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઇનું અવસાન.

# માનવ તો હંમેશા સારાં દિવસોની મૃગતૃષ્ણાની આશામાં જીવે છે, પણ તેની એ આકાંક્ષામાં સમયનો સાથ પણ મળવો તો જોઇએ ને, તો જ એ પોતાની ઇચ્છાઓનાં અશ્વો પર આરૂઢ થઇ શકે

### નવાં ક્લેવર

- નટવર હેડાઉ

તે દિવસે શહેર ધુમ્મસથી એ રીતે ઘેરાઈ ગયું હતું જાણ કે, કોઇ સજ્જન વ્યક્તિને ગુંડાઓ ઘેરી વળ્યા હોય, પરંતુ બપોર થતાં ધુમ્મસ ધીરે ધીરે ઓછું થવા લાગ્યું હતું. જેમ કે, કોઈ તમાશો જોવા ભીડ એકઠી થઈ હોય અને તે ઓછી થઈ જાય તેમ. સૂરજ તેના રૂપેરી કિરણોનો પ્રકાશ પાથરતો રાશવા ઊચો આવી ગયો હતો. વરસાદ અને ઠંડકને કારણે ઠુંઠવાઈને બેસી રહેલાં પંખીઓ આકાશમાં ઊડાઉડ કરવા લાગ્યા હતાં.

તે ગરમ શાલ ઓઢીને બજારમાં ફરવા નીકળી પડ્યા હતા. રસ્તા પર હવે ખાસ્સો ટ્રાફિક વધી ગયો હતો. દોડતી કારો, મોટરસાઈકલો અને રીક્ષાઓથી રસ્તો ગીચ લાગતો હતો. તે એકબાજુ રસ્તાની ફૂટપાથ પર પોતાની મસ્તીમાં જતા હતા. તેમની આગળ એક વૃધ્ધ લાકડી લઈને ઠક... ઠક... કરતાં માંડ માંડ ચાલી રહ્યા હતા. જયાં એ પેલાં પુરૂષની નજીકથી પસાર થયાં ત્યાં તેમની નજર તેમના પર પડી. તેને જોઈને એ આશ્ચર્યમાં પડી ગયા. આ તો તેમના બચપણના મિત્ર ભાગ્યેશ પટેલ છે. જો કે તેમનો ચહેરો ઘણો બદલાઈ ગયો હતો. છતાં એ તેને ઓળખી ગયા. તેના મગજમાં અનેક વિચારો આવી ગયા. તે આટલા દિન-હીન નિરાશને દુબળા અને આવા અશક્ત કેમ? તેમને ટોકવામાં તે પોતાના પર કાબુ ન રાખી શક્યા. અને તે પૂછી બેઠા, 'જો હું ભૂલતો ન હોઉં તો તમે જ ભાગ્યેશ પટેલ ખરું ને? તો એ લાકડીનો ટેકો લઈ ફૂટપાથ પર ઊભા રહી ગયા.' 'ભાઈ મેં તમને ઓળખ્યા નહીં. તમે કોણ? હવે મારી યાદદાસ્ત ઓછી થઈ ગઈ છે.' તેના જવાબમાં તેમણે કહ્યું, 'હું તમારો કૉલેજનો મિત્ર શૈલેષ જોષી, આપણે બન્ને તે સમયે વિવેકાનંદ કૉલેજમાં સાથે ભણતા હતા. આ સાંભળી ભાગ્યેશનો ચહેરો ચમકી ઉઠ્યો. અરે વાર! જોષી ઘણા સમયે મળ્યા. પણ આટલાં વર્ષ...?' એ પ્રેમથી તેને ભેટી પડ્યા સહેજ આગળ આવ્યા પણ પછી પોતાની વેશભૂષાનો ખ્યાલ આવતાં ખચકાઈ ગયા. ફક્ત તેના બે હાથને પોતાના હાથમાં લેતાં પૂછવા લાગ્યાં. 'શું જોષી તમે આ જ શહેરમાં રહો છો કે? ત્યારે શૈલેષે કહ્યું, 'હા બરોડાથી સ્થળાંતર કરી અહીં આવી ગયો. બાળકોને ભણાવવા ગણાવવા માટે અહીં ગાંધીનગરમાં જ સૅટલ થઈ ગયો. હવે હું બેંકમાંથી નિવૃત્ત થઈ ગયો છું. ગાંધીનગર અત્યારે શૈક્ષણિક ક્ષેત્રે અગ્રીમતા ધરાવતું શહેર છે. પણ તમે? તમારી આ હાલત કેમ? એવું તે શું થયું? શૈલેષ તેને પ્રશ્નો પર પ્રશ્નો પુછી નાંખ્યા. ત્યારે તેનો જવાબ આપતાં તેમણે કહ્યું.' હું પણ તમારી જેમ જ ભાવનગરથી બદલી કરાવી અહીં આવી ગયો હતો. મારા બે છોકરાઓ છે. તે ભણવામાં બહુ હોંશિયાર હતા. તેમને ભણાવવા માટે હું પણ અહીં નો થઈને રહ્યો છું. હવે મારી સ્થિતિની વાત જો કહું તો એ બધી ઈશ્વરની મરજી છે. કે પછી મારી નિયતિ. જે હોય તે હવે ભોગવ્યે જ છૂટકો છે. કહેતાં તેમનો કંઠ ભરાઈ આવ્યો.'

ફૂટપાથ પર બંનેને વાતો કરતાં જોઈ આજુબાજુમાંથી પસાર થનારાં લોકો તેમને ટીકી ટીકીને જોઈ રહ્યાં હતા. તે જોઈ શૈલેષ કહ્યું, 'ચાલો સામે સેકટરના બગીચામાં જઈ બેસીએ. ત્યાં નિરાંતે વાતો કરીશું. તે બંને સેકટરના બગીચામાં આવી ગયા. ત્યાં જાત જાતનાં પુષ્પોની મંદ સુગંધ પ્રસરી રહી હતી. રવિવારનો દિવસ હોવાથી કેટલાંક યુગલો નાનાં બાળકોને લઈને હીંચકા લપસણી તરફ જતાં હતા. તો દૂર ખૂણામાં એકબીજાનાં હાથમાં હાથ લઈ બે ત્રણ કપલો પ્રેમ ગોષ્ટિ કરતાં હતા. તે બંને કોકરવર્ણા તડકામાં બાંકડે જઈ બેઠાં.'

શૈલેષ બગીચાની બાઉન્ડ્રી પાસે ઉભેલ ચ્હાની લારીવાળાને બે કપ ચ્હા લઈ આવવા કહ્યું. 'હા, તો પછી બન્યું શું?' શૈલેષે વાત કઢાવવાની કોશિષ કરી. ત્યારે ભાગ્યેશ ડુંગળીની એક પછી એક છાલની જેમ ઉઘડવા લાગ્યો. 'મારા બંને દીકરા ભણવામાં કુશાગ્ર હોવાથી નવોદય વિદ્યાલયમાં પ્રવેશ પરીક્ષા પાસ કરતાં તેમને તેમાં એડમિશન મળી ગયા. નવોદય વિદ્યાલયમાં ભણાવવા સુધી તો તેમને ભણાવવામાં મને કોઈ મુશ્કેલી ન પડી. પણ નવોદયમાં ભણી રહ્યા પછી તે મહેનતું અને હોંશિયાર હોવાથી મેં આઈ.આઈ.ટી.માં મુકી દીધા પણ તેનાં ખર્ચાને હું પહોંચી વળું તેમ નહતો. તેથી મેં ટ્યુશનો કરવાનું ચાલું કર્યું. હું રાતે દશ દશ વાગ્યા સુધી ટ્યુશનોમાં માથું પકવતો હતો.' એકાએક તેમને ખાંસી ચડી. થોડી વાર અટકીને કહેવા લાગ્યા. 'જયારે તે કૉલેજમાં આગળ ગયા ત્યારે તેમના ખર્ચા ઉપાડવાનું મારા ગજા બહારનું હતું. મેં ભાવનગરનું બાપ દાદાનું મકાન વેચી માર્યું. દસ પંદર વીઘા જમીન હતી એ પણ ઠેકાણે થઈ ગઈ. પત્નીનાં ઘરેણાં પણ ગયાં. ત્યારે માંડ માંડ તેમનું આઈ.આઈ.ટી.નું ભણતર પૂરું થયું.' હવે માર મનમાં આશા અને પરિતોષનાં વાદળો ઉમટવા લાગ્યાં. ભલે ગમે તેવી મુશ્કેલીઓ પડી પણ જીવનમાં એક ધ્યેય તો પૂરું થયું. બધું ખતમ થઈ ગયું તો કંઈ નહીં. છોકરાઓની કમાણીથી કાલે બધું સમુસૂતરૂં થઈ જશે. ફરી એ જ જાહોજલાલી આવી જશે. અરે! એટલી જ નહીં એનાથી પણ વધુ સુખ સાહેબીના સપનાં હું જોવા લાગ્યો. મને થતું હતું કે મારી મહેનત, ત્યાગ અને તપસ્યા રંગ લાવી છે. હવે ઘડપણ ખુબ જ ઠાઠમાઠથી સુચચૈનને આરામથી વીતશે. પાણી માંગીશું ત્યાં દૂધ મળશે. પતિ પત્ની મજા કરીશું મજા. કોઈ છોકરાઓનાં શિક્ષણ બાબતે પૂછે તો બંનેને મેં આઈ.આઈ.ટી.માં ભણાવ્યાં છે એમ કહેતાં મારી છાતી ગજગજ ફૂલી જતી.

અચાનક એ પગનાં નખથી જમીન ખોતરવા લાગ્યા. 'જોષી માનવ તો હંમેશા સારાં દિવસોની મૃગતૃષ્ણાની આશામાં જીવે છે. પણ તેની એ આકાંક્ષામાં સમયનો સાથ પણ મળવો તો જોઈએ ને. તો જ એ પોતાની ઈચ્છાઓનાં અશ્વો પર આરૂઢ થઈ શકે. નહીં તો બધુ રાખને ધૂળ, મારે પણ કંઈક એવું જ બન્યું. મોટા છોકરાને ભણતર પૂરું થતાં જ એક ઑસ્ટ્રેલિયન કંપનીએ ઝડપી લીધો. તે ઑસ્ટ્રેલિયા જતો રહ્યો. અમે તો સપનાં જોતાં જ રહી ગયાં.

(અનુસંધાન પાના નં. ૬ પર)